આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૨/૧૧/૨૦૨૬ થી તા.૦૮/૧૧/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in




મેષ (અ,લ,ઈ):- વર્ષનું છેલ્લું સપ્તાહ આવનાર વર્ષ હકારાત્મક રહેવાના સંકેત આપે છે. મહત્ત્વના કામમાં ગતિ તેમજ યોગ્ય મદદથી અનુકૂળતા વધશે. મકાન, વાહન, મિલકત, જમીન બાબતે સકારાત્મક પરિણામ મળશે. સંતાનોના અભ્યાસ તેમજ વિવાહ અને કેરીયર બાબતે પ્રગતિનો અનુભવ થાય. નોકરી ધંધામાં મહત્ત્વના ફેરફારથી લાભ થાય. પ્રમોશન કે પગાર વધારો થાય. રોજની આવકની યોજનામાં પરિવારનો સાથ રહેશે. આરોગ્ય અને વિવાદ બાબતે સાવધાન.




વૃષભ (બ,વ,ઉ):- ચાલુ વર્ષનું છેલ્લું સપ્તાહ આત્મવિશ્વાસ વધારનાર રહેશે. નવા વર્ષમાં નોકરીમાં પ્રમોશન તથા ઈચ્છિત જગ્યાએ નવી નોકરી મળે તેમજ વેપાર ધંધા માટે નવી યોજનામાં અનુકૂળતા રહેશે. શિક્ષણ, ટ્યુશન, દલાલી, પ્રવાસ વગેરે કામમાં નવી તકો મળશે. પરિવાર, ભાઈ-બહેન, મિત્રોને ઉપયોગી બનશો તેમજ વારસા બાબતે મદદ મળે. નોકરી-ધંધામાં નવી જવાબદારી સાથે નવાં કામ થાય. પ્રેમ પ્રકરણમાં સફળતા મળે. વિદ્યાર્થીઓ માટે અનુકૂળ રહેશે.



મિથુન (ક,છ,ઘ):- છેલ્લું સપ્તાહ પારિવારિક પ્રશ્નો, આર્થિક સમસ્યા તેમજ ભાઈ-બહેનો સાથે સંઘર્ષ વધારનાર વર્ષનું સૂચન કરે છે. વેપાર-ધંધામાં પ્રગતિ રહેશે. પારિવારિક બાબતે મહત્ત્વનાં કામ થશે. જો કે નવાં ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. કોર્ટ- કચેરીના કામમાં સાવધાની રાખવી પડશે. સ્વભાવ ઉગ્ર અને તામસી રહેવાથી ઘરમાં અશાંતિ વધશે. મહત્ત્વના નવા ફેરફારથી નોકરીમાં સફળતા મળે. સામાન્ય રીતે વર્ષ મિશ્રફળદાયી રહેશે.



કર્ક (ડ,હ):- વર્ષનું છેલ્લું વર્ષ જમીન, મકાન, વારસા, ભાગીદારી, સામાજિક અને જાહેર જીવનમાં સક્રિય લોકોને ભાગ્યનો સાથ મળશે. વર્ષ દરમિયાન દાંપત્ય અને પ્રેમ પ્રકરણો તથા કોર્ટ-કચેરી બાબતે સાવધાની રાખવી પડશે. સરકારી નોકરીની તક મળશે. પરિવારમાં સંતાનોની સમસ્યા સતાવે. છતાં સંતાનોનાં કામ થાય. કલા, સાહિત્ય, લેખન, નૃત્ય, શિક્ષણ, દલાલી જેવા કામમાં ભાગ્યનો સાથ મળશે. ચાલુ વર્ષમાં અચાનક કોઈ નવી તક મળશે.




સિંહ (મ,ટ):- વર્ષનું છેલ્લું વીક આવનાર વર્ષ બાબતે નોકરી-ધંધામાં તથા સરકારી કામમાં પ્રગતિ સૂચવે તેમજ સમાજને લગતાં કામ થાય. સાથે કોઈ કાવતરાના ભોગ બની શકો છે. પારિવારિક બાબતે વર્ષ અનુકૂળ રહે. ખાણી-પાણી- હોટેલ, રેસ્ટોરન્ટ વગેરેને લગતા વેપાર-ઉદ્યોગમાં ભાગ્યમાં સાથ મળશે તેમજ વિદ્યાર્થીઓ માટે વર્ષ હકારાત્મક રહેશે. પ્રેમ-પ્રકરણોમાં મદદ મળે. આર્થિક બાબતે મિશ્ર છે. આરોગ્યનું ધ્યાન.




કન્યા (પ,ઠ,ણ):- વર્ષનું છેલ્લું સપ્તાહ આવનાર વર્ષમાં ઓછા સંઘર્ષનું સૂચન કરે છે. વિદ્યાર્થીઓએ સાવચેતી રાખવી પડશે. નવાં રોકાણ કે શેર બજારમાં ઉત્તેજીત થવું નહીં. સંતાનોના કામમાં પ્રગતિ થશે. વિદેશ પ્રવાસને લગતાં કામ થાય. કોર્ટ કચેરીમાં મદદ મળે. ધાર્મિક વિચારનાં લોકોને સત્સંગનો યાત્રાનો લાભ મળશે. પ્રેમવિવાહમાં સફળતા મળે. નોકરીમાં નવી તકોવાળું વર્ષ છે. આર્થિક વ્યવહારોમાં સાવધાની રાખવી.



તુલા (ર,ત):- ચાલુ વર્ષનું છેલ્લું વીક પોતાના સ્વતંત્ર ધંધા અને મિલકત કે જમીન, ઓફિસ, ઘર વગેરે લેવા માટે અનુકૂળતાવાળું રહેશે. નવા વર્ષમાં નોકરી-ધંધામાં ઓછા સંઘર્ષ અને હરીફોનો સામનો કરવાનું બનશે. વિદ્યાર્થીઓને તક મળશે. સંતાનોના કેરીયર અને વિવાહની વાત પાર પડશે. ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળવાથી સામાજિક પ્રશ્નો હલ થાય, અંગત જીવનમાં રોમેન્ટીક પ્રસંગ બને. નોકરીમાં નવી તક મળશે. ખર્ચા વધશે.



વૃશ્ચિક (ન,ય):- વર્ષનું છેલ્લું સપ્તાહ તમારા સંઘર્ષને ઓછો કરનાર વર્ષનું સૂચન કરે છે. નોકરીમાં નવા મહત્ત્વના ઈચ્છિત ફેરફાર થાય. જો કે પોતાના હક માટે લડવું પડશે. ઉપરી વર્ગ સાથે ઘર્ષણ રહે. નવા વેપાર-ધંધાની યોજના પાર પડશે. જમીન, ઓફિસ, મકાન ખરીદવાની અનુકૂળતા આવનાર વર્ષમાં રહેશે. પ્રેમ પ્રકરણો રોમેન્ટીક અને હકારાત્મક રહેશે. શેર બજારમાં લાભ થાય. વિદેશના કામમાં પ્રગતિ થશે. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહેશે.



ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વર્ષનું આ છેલ્લું વીક આવનાર વર્ષમાં નવી તકોનું સૂચન કરે છે. વેપાર-ધંધામાં લાભ થાય. આરોગ્ય બાબતે સાવધાની રાખવી તથા કોર્ટ, કચેરી અને સરકારી કામમાં કોઈની વાતોમાં આવવું નહીં. વર્ષ દરમિયાન અવારનવાર ચડતીપડતી છતાં આર્થિક પ્રગતિ થશે. જાહેર સમાજ અને કૌટુંબિક જીવનમાં હરીફો પરેશાની વધારશે. વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમજીવન અનુકૂળ રહે. શેર બજારમાં સાવધાની રાખવી. મિત્રોનો સાથ મળશે.



મકર (ખ,જ):- વર્ષનું છેલ્લું વીક આવનાર વર્ષમાં સરકારી નોકરીમાં પ્રગતિનું સૂચન કરે છે. વારસા, જાયદાદ, બાબતે પ્રગતિ થશે. એજન્સીના કામમાં લાભ થાય. વિદેશથી લાભ થાય. સંતાનોની પ્રગતિથી શાંતિ મળશે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી પડશે. આગ, અકસ્માત વગેરેની કાળજી રાખવી. દાંપત્યજીવનમાં ગરબડ થઈ શકે. પ્રેમ પ્રકરણો પરેશાની લાવશે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. નવા રોકાણથી લાભ થાય.



કુંભ (ગ,સ,શ,ષ):- આ વીક નવા વર્ષની પૂર્વ સંધ્યાનું મિશ્ર વર્ષનું સૂચન કરે છે. કોર્ટ કચેરીમાં સાવધાની રાખવી તેમજ સરકારી નોકરિયાતે લાલચથી બચવું. હરીફોથી સાવધાન રહેવું. ધંધા માટે વર્ષ સારું રહેશે. દાંપત્યમાં તાલમેળ રાખવો પડશે. અચાનક ધનલાભ થઈ શકે છે. નવા સામાજિક સંબંધોથી માન વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને મહેનત રંગ લાવશે. પ્રેમમાં વિશ્વાસ વધશે. આવક વધે.



મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ વર્ષનું છેલ્લું સપ્તાહ નોકરી ધંધા તેમજ સંતાનો અને જીવનસાથીના પ્રશ્નોનો નિકાલ સૂચવે છે. સરકારી નોકરીની તક મળે. ચાલુ નોકરીમાં પ્રમોશન થાય. વર્ષ દરમિયાન ભાગીદારીથી લાભ થાય. તમારે કોર્ટ-કચેરીમાં મદદ મળશે. શેરબજારમાં સાવધાની રાખવી. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વિદેશના કામમાં પ્રગતિ થાય. પ્રાઈવેટ નામી કંપનીમાં નોકરીની તક ઊભી થશે. આરોગ્ય સામાન્ય રહે. આવક વધે.

ભાજપ V/S કોંગ્રેસ

ભાજપ જનતાના હિત કરતાં પોતાના હિતને વધુ મહત્ત્વ આપે એવું કુંડલી પરથી ફલિત થાય છે

ભારતના રાજકારણમાં ક્યારે કલ્પના ન કરી હોય એવી સ્થિતિનું નિર્માણ કેમ થયું? એક પક્ષ/પાર્ટી દેશ અને દેશની જનતાને સ્પર્શતી સમસ્યાને લઈને મેદાનમાં સંઘર્ષ કરે છે, જ્યારે સત્તાધારી પક્ષ લોકશાહી કે લોકતંત્રને બચાવવા મેદાનમાં સંઘર્ષ કરે છે? બેમાંથી એક ચોક્કસ દેશ અને દેશની જનતાને મૂર્ખ સાબિત કરવાની ભરપૂર કોશિશ કરે છે! આપણે આ બંને પક્ષની સ્થાપના કુંડલી પરથી જ્યોતિષની દૃષ્ટિએ સમજવાની કોશિશ કરીએ કે કયો પક્ષ દેશને વફાદાર છે? કયા પક્ષના ગ્રહો જનતાના હિતને પ્રાધાન્ય આપે છે? કયો પક્ષ પોતાના સ્વાર્થને પ્રાધાન્ય આપે છે? અને સાથે એ પણ સમજીએ કે ભારતની પ્રજા મૂર્ખ કેમ બને છે? ભારતીય જનતા પક્ષની સ્થાપના કુંડલી મિથુન લગ્નની છે. વાયુતત્ત્વ અને બુધ પ્રધાન લગ્ન છે. આ લગ્નમાં બુધ, શુક્ર અને શનિ શુભ કે યોગકારક ગ્રહ માનવામાં આવે છે તથા ચંદ્ર, સૂર્ય અને મંગળ મારક કે નુકસાન કરનાર ગ્રહ માનવામાં આવે છે. ગુરુ સમ કે તટસ્થ છે. સાથે મારક અને કેન્દ્રાધિપતિનો દોષ કરે છે. બુધપ્રધાન જાતકો હાજર જવાબી, તેજ દિમાગી અને બોલવામાં કુશળ હોય છે જે આપણને ભાજપમાં જોવા મળે છે. મિથુન લગ્ન અને તેનો સ્વામી બાળઅવસ્થાના છે માટે મિથુન લગ્નવાળાને જવાબદારીની ખાસ પરવા હોતી નથી. તેમની હરકતો બાળક સમાન હોય છે. તેઓ સ્થિતિની ગંભીરતાને બાળબુદ્ધિથી મૂલવે છે.

બુધ પોતે કિશોર-અવસ્થાનો ગ્રહ છે માટે તેને પોતાનામાં આટલો વિશ્વાસ હોતો નથી કે જે કોઈ મહત્ત્વનું કામ જવાબદારીપૂર્વક નિભાવી શકે! માટે જ ભાજપ અન્ય પાર્ટીના લોકોને ગેરકાયદેસર પોતાની પાર્ટીમાં સામિલ કરીને તેમના બળે રાજ કરે છે. ભાજપની કુંડલીમાં ત્રીજા સ્થાનમાં મંગળ-ગુરુ શનિ અને રાહુનો યોગ એક શક્તિશાળી વિજયી યોગ કરે છે. સામાન્ય રીતે મંગળ-રાહુનો ત્રીજા ભાવનો થતો યોગ અશક્યને શક્ય કરનાર અને એક વિજેતા યોધ્ધાના યોગ કહે છે. પણ સાથે ગુરુ-શનિના કારણે ષડયંત્ર યોગમાં ફેરવાઈ જાય છે. સામે ભાગ્યમાં કેતુ સાથે બુધ વિશ્વાસઘાતના યોગ કરે છે. જ્યોતિષના નિયમ પ્રમાણે રાહુ-ગુપ્તનીતિઓ છળકપટનો કારક છે, શનિ પીડિત હોય તો અત્યાધિક સ્વાર્થી અને ગુપ્ત રૂપે ષડયંત્ર રચવાની આંતરિક ભાવના અને શક્તિ આપે છે. બુધ-બુદ્ધિનો દુરુપયોગ અને વાણી કે વહીવટ અથવા ભેદ નીતિથી બીજાને ઠગવાની કળામાં મહાર્થી માહિર બનાવે છે. મંગળ જો અશુભ બનતો હોય તો પોતાના સ્વાર્થ ખાતર કોઈ પણ હદે જવાની શક્તિ આપે છે. હિંસક અને આક્રમક રીતે વિશ્વાસઘાત કરાવે છે. આવું ત્યારે જ થાય જ્યારે પ્રથમ, ચાર અને અગિયારમાના સ્વામી અને સ્થાન અશુભ બને છે. ભાજપની કુંડલીમાં પ્રથમનો માલિક બુધ ભાગ્યમાં કેતુ સાથે જે ચોથાનો પણ સ્વામી છે

2028થી 2035 વચ્ચેનો સમય કોંગ્રેસમુક્તની જગ્યાએ ભાજપમુક્ત દેશના ગ્રહયોગ ભાજપની સ્થાપના કુંડલીમાં છે

તથા લાભસ્થાનનો માલિક તથા સાતમાનો માલિક જે રોજિંદી પ્રવૃત્તિ અને જાહેર જનતાનું પ્રતિનિધિત્વ કરે છે તેના સ્વામી સાથે મંગળ-ગુરુ શનિ રાહુની યુતિથી અશુભ બને છે અને ત્રીજું સ્થાન વિચારો-વ્યવહાર અને સામ-દામ દંડ-ભેદને પ્રભાવશાળી રીતે અમલમાં મૂકવાની પ્રેરણા આપે છે તથા યોજના સફળ થશે કે કેમ તેનું નિર્દેશન કરે છે.

તો જ્યોતિષની દૃષ્ટિએ તો આ નિયમ બિલકુલ ફીટ બેસે છે માટે ભાજપ જનતાના હિત કરતાં પોતાના હિતને વધુ મહત્ત્વ આપે એવું કુંડલી પરથી ફલિત થાય છે. 2012 થી મારકેશ સૂર્યની મહાદશામાં ભાજપનો દેશમાં ઉદય થયો. 2018થી મારકેશ ચંદ્રની મહાદશામાં ભાજપ ફાલ્યો ફૂલ્યો પોતાની કૂટનીતિ કે સ્વાર્થ નીતિમાં, મારકેશ ચંદ્રની મહાદશા 2028 સુધીની છે અને 2028થી 2035 સુધી મારકેશ મંગળની મહાદશા આવશે માટે 2028થી 2035 વચ્ચેનો સમય કોંગ્રેસમુક્તની જગ્યાએ ભાજપમુક્ત દેશના ગ્રહયોગ ભાજપની સ્થાપના કુંડલીમાં છે. ચંદ્ર મારકેશનો થઈને છઠ્ઠે નીચનો છે અને બારમે રહેલ શુક્ર સાથે પ્રતિયુતિ કરે છે માટે આર્થિક વૈભવના યોગ અને ચારિત્ર્યની દૃષ્ટિએ શુભ નથી. ગેરકાનૂની રીતે અઢળક ધનસંપત્તિના યોગ શુક્ર ચંદ્ર કરે છે સાથે પતનના પણ.

સામે કોંગ્રેસની લક્ષ્યવેધી અને પરિપક્વ ધન લગ્નની કુંડલી ગુરુપ્રધાન છે. જ્યોતિષની દૃષ્ટિ દાર્શનિક અને ભાગ્યશાળી કુંડલી માનવામાં આવે છે. જ્ઞાન, શિક્ષણ, ધર્મના કારક ગુરુ પ્રથમ અને ચોથું સ્થાન જે ચારિત્ર્ય અને જીવનની દિશા નક્કી કરનાર સ્થાનનો સ્વામી છે. આ લગ્નમાં ગુરુ-સૂર્ય અને મંગળ શુભ માનવામાં આવે છે. ચંદ્ર, શુક્ર અને શનિ અશુભ તથા મારકેશ એટલે કે નુકસાન કરનાર બને છે. ***કોંગ્રેસની કુંડલીમાં ષડયંત્ર યોગની જગ્યાએ ષડયંત્રના ભોગ બનવાના યોગ થાય છે.*** *કારણકે ભાગ્યસ્થાન સાથે રાહુ કેતુનો યોગ થાય છે. ચાર, પાંચ એક અને અગિયારમાના સ્વામી શુભ બનતા હોવાથી* ***દેશ કે જનતા સાથે ગદ્દારી ઓછી કરે પણ પાંચમે નીચના શનિ સાથે ચંદ્રની યુતિ પોતાનાં સ્વજનો જ એટલે કે પક્ષના લોકો જ ગદ્દારી કરીને પક્ષને કમજોર કરે.*** *શનિ-નીચભંગ રાજયોગ કરે છે અને મંગળ સાથે પરિવર્તનના કારણે પક્ષના લોકો વિસ્ફોટક સાબિત થાય. 2003 થી 2010 સુધીની ઉચ્ચના મંગળની મહા દશા શુભ હતી. પણ 2010થી 2028 સુધીની શુક્રની મહાદશા કોંગ્રેસ માટે અશુભ રહી કારણકે રાહુ-કેતુનો ભાગ્ય સ્થાન સાથે સંબંધ છે. જે છળકપટના ભોગ બનાવે. અપમાનિત કરે અને સાથીઓ વિશ્વાસઘાત કરે.* ***2028 થી 2044 સુધીની લગ્નેશ અને ચોથા સ્થાનના માલિક ગુરુની મહાદશા ચાલુ થાય છે. આ સમય કોંગ્રેસને બેઠા થવાનો છે. જો કે કોંગ્રેસ ખતમ થઈ નહતી અને થશે પણ નહીં કારણ ધન લગ્ન અને ચોથા તથા લગ્નનો સ્વામી ગુરુ લાભસ્થાનના સ્વગ્રહી શુક્ર સાથે યુતિમાં અને પાંચમે રહેલ શનિ-ચંદ્ર સાથે પ્રતિયુતિમાં શુભ બને છે.*** *શુક્રની મહાદશામાં કોંગ્રેસના ઉદયના કારણે 1970થી 1987ની વચ્ચે કોંગ્રેસ બદનામ થઈ. કારણ શુક્ર મારકેશ છે. કટોકટીની ભૂલ કરાવી ગ્રહો આધિન માણસની બુદ્ધિ ચાલતી હોય છે. હાલ ભાજપની પણ મારકેશની મહાદશાના કારણે બુદ્ધિ પર પડદા પડ્યા છે.*

શાળામાં માર્ક્સ નહીં

વિદ્યાર્થીની મનોસ્થિતિને મહત્ત્વ

વિદ્યાર્થીઓમાં વધતા માનસિક તણાવ અને આત્મહત્યાના બનાવો અટકાવવા ગુજરાત સરકારનો મોટો નિર્ણય

'મનો-મિત્ર' બનશે વિદ્યાર્થીઓનો ભાવનાત્મક સહારો

ગાંધીનગર : પરીક્ષામાં કેટલા માર્ક્સ આવ્યા તેના આધારે વિદ્યાર્થીની ક્ષમતા નક્કી કરવાની માનસિકતા હવે શાળાઓએ છોડવી પડશે. કારણ કે ગુજરાતમાં હવે વિદ્યાર્થીઓના ભણતરની સાથે તેમના માનસિક સ્વાસ્થ્યની જવાબદારી પણ શાળાઓએ નિભાવવી પડશે. પરીક્ષાનું દબાણ, ઊંચા ગુણ મેળવવાની સ્પર્ધા, પરિવારની અપેક્ષાઓ અને ભવિષ્યની ચિંતામાં ઘેરાયેલા વિદ્યાર્થીઓને માનસિક સહારો આપવા રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. ધોરણ 9થી 12ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને આત્મહત્યા નિવારણ માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવી ફરજિયાત બનાવવામાં આવી છે.

હવે દરેક શાળામાં 'સ્કૂલ વેલનેસ ટીમ' બનાવવી પડશે, જ્યારે 100 કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓમાં લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકરની નિમણૂક કરવી પડશે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓને તેમના માર્ક્સના આધારે અલગ પાડવા, જાહેરમાં અપમાનિત કરવા કે અન્ય સાથે સરખામણી કરવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. આમ, શિક્ષણ વ્યવસ્થામાં માત્ર પરિણામલક્ષી અભિગમને બદલે વિદ્યાર્થીના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને કેન્દ્રસ્થાને લાવવાનો પ્રયાસ કરાયો છે.

આ નિયમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન ધોરણ 9 અને 10ની માધ્યમિક તથા ધોરણ 11 અને 12ની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે.

100થી વધુ વિદ્યાર્થી હોય તો કાઉન્સેલર ફરજિયાત

નવી જોગવાઈનો સૌથી મહત્ત્વનો ભાગ કાઉન્સેલરની નિમણૂક છે. જે શાળામાં 100 કે તેથી વધુ વિદ્યાર્થીઓ હશે ત્યાં બાળ અને કિશોરાવસ્થાના માનસિક સ્વાસ્થ્ય અંગે તાલીમ મેળવેલા ઓછામાં ઓછા એક લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકરની નિમણૂક ફરજિયાત રહેશે. જ્યારે 100થી ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓએ નજીકનાં સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ અને 'ટેલી-માનસ' સેવા સાથે ઔપચારિક જોડાણ કરવું પડશે. બોર્ડની પરીક્ષા, પરિણામ અને ધોરણ 8માંથી 9 તથા ધોરણ 10માંથી 11માં પ્રવેશ જેવા સંવેદનશીલ તબક્કે વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપવાની પણ જોગવાઈ છે.

વેલનેસ ટીમ આ કામ કરશે

(1) વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારીની દેખરેખ રાખશે. (2) કોઈ વિદ્યાર્થી માનસિક તણાવમાં હોય તેની તાત્કાલિક ઓળખ કરવી પડશે. (3) આત્મહત્યા જેવા જોખમી વિચારો કરનારને તાત્કાલિક મદદ પૂરી પાડવાની રહેશે. (4) શાળાના આચાર્ય લીડર જ્યારે કાઉન્સેલર અથવા નિયુક્ત શિક્ષક કો-ઓર્ડિનેટર બનશે. (5) ધો. 9થી 10 અને 11થી 12ના એક-એક શિક્ષક, શાળા વ્યવસ્થાપન સમિતિનો પ્રતિનિધિ (6) બે પીઅર મોનિટર એટલે કે 'મનો-મિત્ર' અને એક બિનશૈક્ષણિક કર્મચારીનો સમાવેશ કરાશે.

કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરે દેખરેખ સમિતિ

આ સમગ્ર વ્યવસ્થાના અસરકારક અમલીકરણ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય દેખરેખ સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિ શાળાઓમાં નિયમોના અમલની સમીક્ષા કરશે, ફરિયાદો અને ગંભીર ઘટનાઓ પર નજર રાખશે તેમજ જરૂરી માર્ગદર્શન અને સુધારાત્મક પગલાં સૂચવશે.

માર્ક્સ ઓછા આવે તો વિદ્યાર્થીનું જાહેરમાં અપમાન નહીં કરી શકાય

નવી માર્ગદર્શિકામાં શાળાઓની વર્ષોથી ચાલતી પરિણામકેન્દ્રી માનસિકતા સામે પણ મહત્ત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. શાળા સંચાલકો કે શિક્ષકો વિદ્યાર્થીઓના શૈક્ષણિક દેખાવ, પરીક્ષાનાં પરિણામો અથવા મેળવેલા ગુણના આધારે વર્ગખંડમાં કે બહાર અલગ તારવી શકશે નહીં. કોઈ વિદ્યાર્થીનું શૈક્ષણિક સ્તર ઓછું હોય તો તેનું જાહેરમાં અપમાન કરવું, અન્ય વિદ્યાર્થીઓ સાથે સરખામણી કરવી કે તેને કલંકિત કરવો પણ પ્રતિબંધિત રહેશે. શાળાઓએ એવી કોઈ પ્રવૃત્તિ કે વ્યવસ્થા અમલમાં મૂકી શકશે નહીં, જેના કારણે વિદ્યાર્થીઓમાં હીનભાવ, ભય, ચિંતા કે ભાવનાત્મક અસુરક્ષા પેદા થાય. તેના બદલે દરેક વિદ્યાર્થીને સમાન ગૌરવ, પ્રોત્સાહન અને સહયોગ આપવો પડશે.

આરોપીઓને પાછળના દરવાજેથી રવાના કર્યાના આક્ષેપ

રાજકોટની હોટલમાં હાઈપ્રોફાઈલ દારૂ પાર્ટી પર પોલીસનો દરોડો

ડેકોરા ગ્રુપના બિલ્ડર ચિરાગ પટેલની જન્મદિવસની પાર્ટીમાં 33 યુવતીઓ સહિત 97 લોકોની હાજરી

38 સામે ગુનો, 11 દારૂની બોટલો અને હુક્કા જપ્ત

ધારાસભ્યના કૌટુંબિક ભાઈ સહિત વગદાર લોકોનાં નામ સામે આવ્યાં

ગાંધીનગરઃ દારૂબંધીના કાયદાના અમલની વાતો વચ્ચે રાજકોટના પોશ વિસ્તાર કાલાવડ રોડ પર આવેલી સરાઝા હોટેલમાં જાણે દારૂબંધીના લીરેલીરા ઉડતા હોય તેવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ડેકોરા બિલ્ડર ગ્રુપ સાથે સંકળાયેલા ચિરાગ પટેલની જન્મદિવસની ઉજવણીના નામે યોજાયેલી હાઈપ્રોફાઈલ પાર્ટીમાં દારૂ અને હુક્કાની મહેફિલ જામતી હતી, તો બીજી તરફ ઓડી, બીએમડબલ્યુ અને મર્સિડીઝ જેવી મોંઘીદાટ કારોના કાફલાએ પાર્ટીની હાઈપ્રોફાઈલ ઓળખ છતી કરી દીધી હતી. એલસીબીની ટીમે મોડી રાત્રે દરોડો પાડતાં 33 યુવતીઓ અને 43 પુરુષો સહિત મોટી સંખ્યામાં લોકોની હાજરી સામે આવી હતી. પોલીસે 11 દારૂની બોટલો અને હુક્કા જપ્ત કર્યા, 92થી વધુ લોકોનાં બ્લડ સેમ્પલ લેવાયાં અને અંતે 38 વ્યક્તિઓ સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. પરંતુ આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ ચોંકાવનારો વળાંક પોલીસ સ્ટેશનમાં જોવા મળ્યો હોવાના આક્ષેપો છે. વગદાર આરોપીઓને કપડાં બદલાવી પાછળના દરવાજેથી બહાર મોકલાયા, મીડિયાકર્મીઓ સાથે ધક્કામુક્કી થઈ અને હવે લક્ઝરી કારોના વીમા તથા નંબર પ્લેટ અંગે પણ સવાલો ઊઠ્યા છે. આમ, રાજકોટની આ એક પાર્ટીએ માત્ર દારૂબંધીના અમલની પોલ જ ખોલી નથી, પરંતુ કાયદો સામાન્ય નાગરિક માટે અલગ અને વગદારો માટે અલગ છે કે કેમ તેવો ગંભીર સવાલ પણ ઊભો કર્યો છે.

રાજકોટના કાલાવડ રોડ પર આવેલી જાણીતી સરાઝા હોટેલના બેન્ક્વેટ હોલમાં ડેકોરા ગ્રુપ સાથે સંકળાયેલા ચિરાગ અરવિંદભાઈ પટેલના 39મા જન્મદિવસ નિમિત્તે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ અને મોરબીના બિલ્ડરો, ઉદ્યોગપતિઓ, તબીબો અને તેમના પરિવારજનો સહિતના હાઈપ્રોફાઈલ મહેમાનો આ પાર્ટીમાં ઉપસ્થિત રહ્યા હતા. મોડી રાત્રે દારૂની મહેફિલ ચાલતી હોવાની બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડતાં પાર્ટીમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂ અને સ્કોચ વ્હિસ્કીની બોટલો સહિત કુલ 11 બોટલો તેમજ બીયરના કેન અને હુક્કા મળી આવ્યા હતા.

જમવાનું મોડું બનાવવા બાબતે પતિએ ઠપકો આપતા પત્નીનો આપઘાત

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં દિવાળીની સાફ-સફાઈના કારણે જમવાનું બનાવવામાં મોડું થતાં પતિએ ટકોર કરી હતી. આ વાતનું માઠું લાગી આવતાં 38 વર્ષીય મહિલાએ આવેશમાં આવી ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના વતની અને હાલ ગોડાદરા વિસ્તારમાં આવેલી ધ્રુવ પાર્ક સોસાયટીમાં રહેતા સંજયભાઈ લસુરકારની પત્ની સવિતાબેન (ઉ.વ. 38) દિવાળીના તહેવારને લઈને ઘરમાં સાફ-સફાઈ કરી રહ્યાં હતાં. દરમિયાન સંજયભાઈ ઘરે આવ્યા ત્યારે જમવાનું બનાવવામાં મોડું થવા બાબતે તેમણે પત્નીને ટકોર કરી હતી. જેથી તેમણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

અડાજણમાં 36 વર્ષીય શ્રમિકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ

સુરતઃ અડાજણમાં 36 વર્ષીય શ્રમિકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.મળેલી માહિતી મુજબ, અડાજણ વિસ્તારમાં આવેલા રાઠોડ મોહલ્લામાં રહેતા 36 વર્ષીય જીતુભાઈ નારાયણ રાઠોડે આજે મધરાત્રે તેમણે ઘરમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. રાત્રિના સમયે તેમના સસરા ટોયલેટ જવા માટે ઊઠ્યા હતા, ત્યારે જીતુભાઈને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ પરિવારજનોને જાણ કરી હતી. તેમને દારૂ પીવાની કુટેવ હોવાથી પત્ની કંટાળી પિયર ચાલી ગઈ હતી અને તેઓ આર્થિક સંકળામણમાં પણ હતાં.

અનુસંધાન ... પાના પહેલાનું

મોદી, શાહને...

કાર્યવાહી કરવામાં આવશે." કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગેએ મોદી અને શાહ પર સીઈસીને બચાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, "મોદી અને શાહે દલિતો, યુવાનો અને મહિલાઓનો મત છીનવવાનો પ્રયાસ કર્યો છે. મોદીજી પોતાના માણસ - જ્ઞાનેશ કુમાર દ્વારા તેમના મત છીનવી લેવા માગે છે. જ્યાં સુધી તે જાય નહીં ત્યાં સુધી અમે લડતા રહીશું અને તેમની વિદાય સુનિશ્ચિત કરીશું." દેશમાં ઘણા વર્ષોથી "મત ચોરી" થઈ રહી હોવાનો આરોપ લગાવતા, રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને "ગેરકાયદેસર" ગણાવી. શાહના એ નિવેદનના જવાબમાં કે મોદી ક્યાંય જવાના નથી, રાહુલે કહ્યું, "નરેન્દ્ર મોદી ક્યાંય જઈ શકે તેમ નથી; જો તેઓ જવા માગે તો પણ અમે તેમને જવા દઈશું નહીં." 'મત બચાવો, દેશ બચાવો મહારેલી' એ સીઈસી કુમારને હટાવવા અને મતદાર યાદીના 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવીઝન' (SIR) ને રદ કરવાની માંગ સાથેના વિરોધ પ્રદર્શનોની શ્રેણીનો એક ભાગ હતી.

સપાના અખિલેશ યાદવે જણાવ્યું હતું કે લોકોની ભારે ભીડ સાથે રામલીલા મેદાન "લોકશાહીનું હલ્દીઘાટી" બની ગયું છે અને દાવો કર્યો કે આ આગામી સમયમાં પરિવર્તનના સંકેત આપે છે. મમતા બેનર્જીએ દાવો કર્યો કે પશ્ચિમ બંગાળની ચૂંટણી હાઈજેક કરવામાં આવી હતી અને ભાજપ સામે તમામ સમુદાયો અને રાજકીય પક્ષોના લોકોને એક થવા અપીલ કરી. "ભાજપ જશે, જશે, જશે. તેઓ જવાના જ છે," તેમણે ભારપૂર્વક કહ્યું. આ રેલીમાં પીડીપીના મહેબુબા મુફ્તી અને ડાબેરી નેતાઓ પણ બોલ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ આ રેલીમાં સીજેપી (CJP) નેતૃત્વ અને જેન ઝેડ (Gen Z) કાર્યકરોને સમર્થન આપ્યું હતું, અને ભાજપ પર ચૂંટણીમાં ગરબડ કરવાનો તેમજ બિન-એનડીએ (NDA) શાસિત રાજ્યોને નિશાન બનાવવા માટે SIR પ્રક્રિયાનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે સોનિયા ગાંધીને પોતાના નેતા તરીકે ગણાવ્યા હતા અને એક વખતના પોતાના કટ્ટર હરીફ ડાબેરી પક્ષોની હાજરીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મમતાને મળ્યા બાદ...

અને કથિત 'વોટ ચોરી' વિરુદ્ધ ઇન્ડિયા ગઠબંધનની રેલી પ્રત્યે એકજૂથતા વ્યક્ત કરી હતી. જોકે, દીપકેએ સ્પષ્ટ કર્યું હતું કે, સીજેપી રવિવારે રામલીલા મેદાન ખાતે યોજનારી વિપક્ષની રેલીમાં ભાગ નહીં લે. કારણ કે, સંસ્થા પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખવા માંગે છે. રવિવારની ઇન્ડિયા ગઠબંધનની રેલીમાં સીજેપી ભાગ લેશે કે નહીં તે અંગે પૂછવામાં આવતાં દીપકેએ કહ્યું કે સંસ્થા આ મુદ્દાને સમર્થન આપે છે, પરંતુ પ્રદર્શનમાં ઔપચારિક રીતે જોડાશે નહીં.

રેલીમાં કોણ...

(NCP-SP)ના સુપ્રિયા સુળે અને શિવસેના-યુબીટીના સંજય રાઉત સહિતના ટોચના વિપક્ષી નેતાઓ તેમજ પ્રિયંકા ગાંધી વાડ્રા, કે.સી. વેણુગોપાલ, દીપાંકર ભટ્ટાચાર્ય અને નાગરિક સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પાકિસ્તાનમાં LPGના...

માટે ઉપલબ્ધ છે. એલપીજી ખૂબ જ મોંઘુ હોવાથી, સામાન્ય નાગરિકોને રસોઈ માટે લાકડા અને કોલસાનો ઉપયોગ કરવાની ફરજ પડે છે.

નેપાળમાં નેશનલ...

ગ્રામ પંચાયતમાં આવેલું શે-ફોકસુન્ડો તળાવ નેપાળનું સૌથી ઊંડું તળાવ છે. તે ૩,૬૦૦ મીટરની ઊંચાઈએ આવેલું છે અને તેની અંદાજિત ઊંડાઈ ૧૪૫ મીટર છે. ડોલ્પા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જારી કરાયેલી અખબાર યાદી મુજબ, પ્રવાસીઓની ઓળખ મૌમિતા હલ્દર, પિયાલી કોલે, જજલા ત્રિવેદી કુમાર, આદિત્ય સિંઘા, દીપ્લિના બિસ્વાસ અને રાજેશ દે તરીકે થઈ છે.

નેપાળના 'ઓનલાઈનખબર' ન્યૂઝ પોર્ટલના અહેવાલ મુજબ, સુરખેતમાં તૈનાત નેપાળી સૈન્યના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાવાને કારણે બચાવ કામગીરીમાં વિલંબ થયો હતો. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે સત્તાવાળા બચાવ કામગીરી માટે વૈકલ્પિક હેલિકોપ્ટરની શોધ કરી રહ્યા છે. સોમવાર સુધી બચાવ કાર્ય મોકૂફ રખાયું હોવાના અહેવાલ મોડેથી મળ્યા હતા. ધાકાલે જણાવ્યું હતું કે, સુરક્ષાકર્મીઓ અને તેમની સાથેના નેપાળી માર્ગદર્શક દ્વારા ચેતવણી આપવામાં આવી હોવા છતાં ભારતીય પ્રવાસીઓ આ વિસ્તારમાં ગયા હતા. મુખ્ય જિલ્લા અધિકારીએ વધુમાં જણાવ્યું કે ભારે હિમવર્ષા હોવા છતાં પ્રવાસીઓએ ગાઈડને છોડી દીધો અને તળાવના વિસ્તાર તરફ આગળ વધ્યા. શનિવાર રાત્રે તેમની સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. તેમણે જણાવ્યું કે ગાઈડે શનિવારે સાંજે ડોલ્પા સ્થિત જિલ્લા વહીવટી તંત્રનો સંપર્ક કરીને જણાવ્યું હતું કે ભારે હિમવર્ષાને કારણે પ્રવાસીઓ ફસાયા હોઈ શકે છે. જો કે, રવિવાર સવારે સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો હતો.

ઓક્ટોબરમાં GST...

આયાતમાંથી થતી આવક ૪૨ ટકા વધીને રૂ. ૭૨,૨૪૬ કરોડ થઈ છે. ડેટા દર્શાવે છે કે રૂ. ૨.૩૧ લાખ કરોડના આ કલેક્શનમાં સેન્ટ્રલ જીએસટી (CGST) રૂ. ૪૨,૯૩૫ કરોડ, સ્ટેટ જીએસટી(SGST) રૂ. ૫૧,૩૪૦ કરોડ અને ઈન્ટિગ્રેટેડ જીએસટી(IGST) રૂ. ૧.૩૭ લાખ કરોડથી વધુનો સમાવેશ થાય છે. ઓક્ટોબરમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(GST) રિફંડ વાર્ષિક ધોરણે ૬.૫ ટકા વધીને રૂ. ૨૭,૯૩૪ કરોડ થયું છે. રિફંડનું સમાયોજન કર્યા પછી, ઓક્ટોબરમાં નેટ જીએસટી કલેક્શન ૨૬ ટકા વધીને રૂ. ૨.૦૩ લાખ કરોડથી વધુ થયું છે.

એપ્રિલ-ઓક્ટોબરમાં, કુલ જીએસટી કલેક્શન ૧૩.૨ ટકા વધીને રૂ. ૧૪.૭૭ લાખ કરોડથી વધુ થયું છે. નેટ કલેક્શન ૧૩ ટકા વધીને રૂ. ૧૨.૬૯ લાખ કરોડથી વધુ થયું છે. ગ્રાન્ટ થોર્ન્ટન ભારતના પાર્ટનર અને ટેક્સ કોન્ટ્રોવર્સી મેનેજમેન્ટ લીડર મનોજ મિશ્રાએ જણાવ્યું હતું કે ઓક્ટોબરનું કલેક્શન તહેવારોની મોસમની માંગ ચક્રને કેપ્ચર કરે છે, જે સામાન્ય રીતે વધુ ગ્રાહક ખર્ચ, રિટેલ પ્રવૃત્તિ અને સમગ્ર ક્ષેત્રોમાં માલની હિલચાલ લાવે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ સહિતના મહત્વના રાજ્યોમાં દેખાવ પણ મોટા આર્થિક કેન્દ્રોમાં જીએસટી કલેક્શનમાં સતત મજબૂતાઈ દર્શાવે છે.

બિહારમાં જીતેલા...

ચૂંટણી ચિહ્ન 'કમળ' છાપેલા કેસરિયા 'ગમછા' લપેટીને ફોટા પણ પડાવ્યા હતા. આ તમાશાના કલાકો બાદ, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને આરજેડીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તેજસ્વી યાદવે એક રોષપૂર્ણ નિવેદન બહાર પાડીને બંને ધારાસભ્યો પર પક્ષપલટા વિરોધી કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે ભાજપ પર "બંધારણની મશ્કરી કરવાનો" આરોપ લગાવ્યો હતો. આરજેડીના સાથી પક્ષ કોંગ્રેસે દાવો કર્યો હતો કે આ પ્રકરણ ભાજપ દ્વારા તેના ગઠબંધન સાથી જેડીયુની પીઠમાં છરો મારવા સમાન એક ઉદાહરણ છે, જેણે તિરહુત ગ્રેજ્યુએટ્સ અને સારણ ટીચર્સ મતવિસ્તારોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસના રાજ્ય મીડિયા પેનલલિસ્ટ અને પ્રવક્તા અસિત નાથ તિવારીએ જણાવ્યું હતું કે, ભાજપ ઈન્ડિયા બ્લોકને વેરવિખેર ઘર ગણાવતો રહ્યો છે. પરંતુ તેણે પોતાના જ સાથી પક્ષની હાર સુનિશ્ચિત કરવા માટે કેવું કાવતરું રચ્યું તે હવે સૌ જોઈ શકે છે.

કોલ ઇન્ડિયાનું...

મિલિયન ટનમાંથી ૨.૭૩ મિલિયન ટન (૯૧ ટકા) ફાળવ્યું. ECLનો ફાળવણી દર સૌથી ઓછો ૬૭ ટકા હતો. વર્ષ ૨૦૨૬-૨૭ના એપ્રિલ-ઓક્ટોબર માટે, CIL એ ઈ-હરાજી દ્વારા ૧૫૫.૧૧ મિલિયન ટનની ઓફર કરી અને સૂચિત કિંમત પર સરેરાશ ૬૮ ટકા પ્રીમિયમ સાથે ૬૮.૯૦ મિલિયન ટન (અથવા ૪૪ ટકા) ફાળવ્યું.

મણિપુરમાં લાપતા...

મળી આવ્યા બાદ, યુવકોનું અપહરણ કરીને "નાગા આતંકવાદીઓ" દ્વારા તેમની હત્યા કરવામાં આવી હોવાનો આક્ષેપ કરતા આંદોલનકારીઓએ કાંગપોકપી જિલ્લા મુખ્યાલય ખાતે સુરક્ષા દળો સાથે ઘર્ષણ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા દળોએ એસપી કચેરી સામે વિરોધ કરી રહેલા આંદોલનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો અને ઉશ્કેરાયેલા ટોળાને વિખેરવા માટે અશ્રુગેસનો પણ ઉપયોગ કર્યો હતો. આંદોલનકારીઓએ દાવો કર્યો હતો કે આ ઘટનામાં તેમના કેટલાક લોકોને ઈજાઓ થઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બંને શબ ગુમ થયેલા કુકી યુવાનોના છે.

નાયબ મુખ્યમંત્રી નેમચા કિપગેને બે યુવકોની હત્યાની સખત નિંદા કરી છે. કાંગપોકપી સ્થિત 'કમિટી ઓન ટ્રાઈબલ યુનિટી' (COTU) એ આ ઘટનાને લઈને નાગા સમુદાયમાંથી આવતા અન્ય નાયબ મુખ્યમંત્રી લોસી દીખોના રાજીનામાની માંગ કરી છે. તેણે તાપૌ કૂકી ગામને સેનાપતિના પોલીસ અધિક્ષકના અધિકારક્ષેત્રમાંથી હટાવીને કાંગપોકપીના એસપીના અધિકારક્ષેત્ર હેઠળ સ્થાનાંતરિત કરવાની પણ માંગ કરી છે. સમિતિએ જણાવ્યું હતું કે જ્યાં સુધી અપરાધીઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી શબને અંતિમ સંસ્કાર માટે ગામમાં લઈ જવામાં આવશે નહીં.

નાસિકમાં આદિવાસી...

વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે.

આ સમારોહ નાસિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભમેળાનો એક ભાગ હતો, જે 31 ઓક્ટોબરે ધ્વજારોહણ સમારોહ સાથે શરૂ થયો હતો. આ ઉત્સવમાં આસપાસના વિસ્તારના આદિવાસી સમુદાયોની વિશાળ ભાગીદારી સાથે ગોદાવરી આરતી મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. 6,233 ભક્તોએ એકસાથે હાથમાં સળગતા દીવાઓ પકડીને એકસમાન ધાર્મિક વિધિનું પાલન કરતાં આ વિશ્વ રેકોર્ડ સર્જાયો હતો. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ આયોજકોને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ તરફથી અધિકૃત નોંધણી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આશરે 650 જેટલા ગામડાઓમાંથી આદિવાસી શ્રદ્ધાળુઓ ગોદાવરી મંદિર ખાતે એકઠા થયા હતા, જેણે સમગ્ર પ્રદેશના વિવિધ સમુદાયોને એકતા, આસ્થા અને સાંસ્કૃતિક ઓળખના એક જ સૂત્રમાં બાંધ્યા હતા. નદીકાંઠે હજારો હાથ એકસાથે ગોદાવરી મૈયાની પ્રાર્થનામાં ઊંચા થતાં આદિવાસી સમુદાયની પરંપરાઓ અને આધ્યાત્મિક આસ્થાનું સુંદર દર્શન થયું હતું, જેણે ઘાટને એક અદ્ભુત દિવ્ય રૂપ આપ્યું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઉપરાંત મહારાષ્ટ્રના રાજ્યપાલ, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવાર પણ ઉપસ્થિત રહ્યા હતા.